મહેસૂલી તથા મૂડી ગ્રાન્ટ
સને ૨૦૨૬-૨૭ ના વર્ષના અંદાજપત્ર અન્વયે જુલાઇ-૨૦૨૬ થી સપ્ટેમ્બર-૨૦૨૬ ના ત્રણ માસ માટેની મહેસુલી અને મૂડી ગ્રાન્ટ ફાળવવા અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક : SJED/BEM/e-file/17/2026/0966/B Section
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા : (૧) નાણાં વિભાગના તા:૧૫/૦૬/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક: FD/MSM/e-file/4/2026/0812/Budget-K

## પ રિ પ ત્ર

સર્વે વહીવટી વિભાગો, ખાતાના વડા, આયોગને આથી જણાવવામાં આવે છે કે, સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટેના ગુજરાત વિનિયોગ બિલ નં. ૧૯ ને અનુમોદન આપવામાં આવેલ છે.

૨. સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાંથી માહે જુલાઇ-૨૦૨૬ થી સપ્ટેમ્બર-૨૦૨૬ ના ત્રણ માસ માટેની ફક્ત રાજ્ય ફાળાની યોજનાઓની મહેસુલી અને મૂડી ગ્રાન્ટની આ સાથે ફાળવણી કરવામાં આવે છે.

3. સર્વેને જણાવવામાં આવે છે કે:-

(૧) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષના ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રની મંજુર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે અને આ સાથે રીલીઝ કરવામાં આવેલ ગ્રાન્ટમાંથી પગારભથ્થાની તેમજ નિવૃત્તિના લાભોની ચૂકવણીને અગ્રતા આપવાની રહેશે.

(૨) આ સાથે છુટી કરવામાં આવતી ગ્રાન્ટમાંથી તેઓના તાબા હેઠળના નિયંત્રણ અધિકારીઓને ૨૦૨૬-૨૭ ના મંજૂર થયેલ અંદાજની મર્યાદામાં વિગતવાર ગ્રાન્ટની ફાળવણી દિન -૨ માં કરી દેવાની રહેશે.

(3) આ સાથે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી કોઇપણ રકમ પાર્ક કરી શકાશે નહિ. અનિવાર્ય સંજોગોમાં પાર્ક કરવાની જરૂરીયાત હોય તો પાર્ક કરતાં પહેલાં નાણા વિભાગની અવશ્ય મંજુરી મેળવી લેવાની રહેશે.

(૪) જે નિયંત્રણ અધિકારીઓએ સહાયક અનુદાન અંગેના ઉપયોગીતા પ્રમાણપત્ર એ. જી. કચેરીને મોકલાવેલ નથી તેવા નિયંત્રણ અધિકારીઓ દ્વારા સહાયક અનુદાન અંગેના ઉપયોગીતા પ્રમાણપત્ર એ. જી. કચેરીને મોકલવામાં આવ્યા બાદ તેઓને ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે.

૪. નાણા વિભાગના તા. ૨૩-૦૨-૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંકઃ ખરચ-૧૦૨૦૧૭-૧૯૮૭-ઝ૧ ની સુચનાઓ અન્વયે જે વિભાગોની જુદી જુદી યોજનાઓ પૈકી કેન્દ્ર પુરસ્કૃત વ્યક્તિલક્ષી યોજનાઓ માટે ભારત સરકારશ્રીએ Direct Benefit Transfer (DBT) પધ્ધતિ લાગુ કરેલ હોઇ તે બાબત તેમજ રાજ્ય પુરસ્કૃત જે યોજનાઓ માટે Direct Benefit Transfer (DBT) પધ્ધતિ લાગુ કરવાનો નિર્ણય થયેલ છે, તેનો અમલ અચૂક થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત વિભાગ અને નિયંત્રણ અધિકારીની રહેશે.

૫. જે તે પેટા સદર હેઠળ મંજુર થયેલ અંદાજની જોગવાઇને ધ્યાને રાખીને ગ્રાંટની ફાળવણી તે પેટા સદર હેઠળના નિયંત્રણ / ઉપાડ અને વહેંચણી અધિકારીને કરવાની રહેશે. મંજુર થયેલ અંદાજ કરતા ગ્રાંટની વધુ ફાળવણી ન થાય તે બાબતની તકેદારી રાખવાની જવાબદારી વહીવટી વિભાગ/ નિયંત્રણ અધિકારીની રહેશે.

૬. આથી સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગો અને નિયંત્રણ અધિકારીઓને જણાવવામાં આવે છે કે, ચાલુ વર્ષના અંદાજપત્રમાં શેર મૂડી ફાળા, સબસીડી અને લોન અંગેની મહેસુલી તેમજ મુડી સદરો હેઠળ જોગવાઇ કરવામાં આવેલ છે, તેવા વહીવટી વિભાગો અને નિયંત્રણ અધિકારીઓએ જે તે બોર્ડ/કોર્પોરેશન/ કંપની તેમજ સંસ્થા / નોડલ એજન્સીને આ અંગેની ગ્રાન્ટ ફાળવતા પહેલાં નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. આ વિભાગ હસ્તકના નિગમોની ગ્રાંટ મેળવવા સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રીએ આ વિભાગના તા.૧૩/૦૯/૨૦૨૩ના પરિપત્ર ક્રમાંક: SJED/BEM/e-file/17/2023/1269/B Section ના પરિપત્રમાં આપેલ સૂચનાઓ અનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

૭. સર્વે વહીવટી વિભાગો/નિયંત્રણ અધિકારીઓએ તેમના હસ્તકના બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ પાસે ઉપલબ્ધ ફંડની ચકાસણી કરવાની રહેશે અને જેમની પાસે પૂરતું ફંડ ઉપલબ્ધ હોય તેમને તેનો ખર્ચ થયા બાદ જ ગ્રાંટ ફાળવવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે જે બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાએ PD-PLA એકાઉન્ટ ખોલાવ્યા હોય તો જ તેઓના હવાલે જ ગ્રાંટ મૂકવાની રહેશે.

૮. નિયંત્રણ અધિકારીથી નિયંત્રણ અધિકારી અને નિયંત્રણ અધિકારીથી ઉપાડ અને વહેચણી અધિકારીની છેલ્લા આઠ નાણાકીય વર્ષથી ગ્રાન્ટ ફાળવણીની પધ્ધતીમાં ફેરફાર થયેલ છે. એટલે કે પહેલા પેટા સદરવાર ગ્રાન્ટની ફાળવણી થતી હતી તેને બદલે હવે હેતુ વર્ગ (OBJECT CLASS WISE) ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે. તેથી તે મુજબની ગ્રાંટ ફાળવણીમાં ચોકસાઇ રાખવાની રહેશે. વહીવટી

વિભાગોએ ગ્રાંટની ફાળવણી કુલ ૭ હેતુ વર્ગ (object class) મુજબ જ કરવાની રહેશે. ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં હેતુ સદર મુજબ મંજુર થયેલી જોગવાઇ મુજબ જ ખર્ચ કરવાનો રહેશે.

૯. નાણા વિભાગના તા.૨૩/૦૪/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃ અપબ/ ૧૦૨૦૧૪/ ૫૭૦/ક અનુસાર (૧) કુલ ૭ હેતુ વર્ગ (object class) પૈકી એક વર્ગનાં હેતું સદરોમાંથી બીજા વર્ગના હેતુ સદરોમાં પુનઃ વહેંચણી કે ગ્રાન્ટ તબદીલી બાબતે નાણા વિભાગની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. (૨) એક જ વર્ગના હેતુ સદરોમાં અંદરો અંદર પુનઃ વહેંચણી સક્ષમ સત્તાધિકારીની મંજુરી બાદ કરી શકાશે.

૧૦. આ પરિપત્રથી ફાળવવામાં આવનાર ગ્રાન્ટમાં કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટ અંગેની કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી. નાણા વિભાગ તરફથી જેમ જેમ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે તેમ તેમ તે ગ્રાન્ટ સબંધિત વિભાગ અને નિયંત્રણ અધિકારીઓને અલગથી ફાળવી આપવામાં આવશે.

૧૧. જે યોજના અંશતઃ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે તેની પણ કેન્દ્ર અને રાજ્ય હિસ્સાની કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી. કેન્દ્ર સરકાર દ્વારા રીલીઝ કરવામાં આવેલ નથી. નાણા વિભાગ તરફથી જેમ જેમ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે તેમ તેમ કેન્દ્ર અને રાજ્ય હિસ્સાની ગ્રાંટ સબંધિત વિભાગ અને નિયંત્રણ અધિકારીઓને અલગથી ફાળવી આપવામાં આવશે. <u>વિભાગે / નિયંત્રણ અધિકારીએ ભારત સરકાર તરફથી ગ્રાન્ટની પ્રાપ્તિ સુનિશ્ચિત કરી લેવાની રહેશે.</u>

૧૨. ભારત સરકાર તરફથી છુટી થયેલી કેન્દ્ર પુરસ્કૃત ગ્રાંટ, જે નાણા વિભાગ દ્વારા વહીવટી વિભાગોને ફાળવવામાં આવે છે, તે ગ્રાંટ પણ વહીવટી વિભાગોએ સંબંધિત નિયંત્રણ અધિકારીઓને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાંટની મર્યાદામાં દિન-૨ માં ફાળવણી કરવાની રહેશે.

૧૩. સને ૨૦૧૩-૧૪ થી ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તરફથી રજૂ થતા જમીન સંપાદન અંગેના કોર્ટ કેસો અને અન્ય પ્રકારના કોર્ટ કેસોના ચુકાદાના આધારે ચુકવણું કરવા અંગે આકસ્મિક નિધિમાંથી પેશગી મંજુર કરવાને બદલે જમીન વળતર અંગે બિનમતપાત્ર / મતપાત્ર તેમજ તેના પર ચુકવવાના થતા વ્યાજ અંગેની બિનમતપાત્ર જોગવાઇ કરવામાં આવેલ છે, જેમાંથી નાણા વિભાગ દ્વારા જે તે સબંધિત વિભાગ દ્વારા રજુ થતા કેસોની ચકાસણી કરીને જે તે વિભાગની સબંધિત ફાઇલ ઉપર જરૂરી મંજુરી મેળવીને IFMS હેઠળ ONLINE જરૂરી ગ્રાન્ટ અલગ રીતે ફાળવી આપવામાં આવશે.

<u>વધુમાં જણાવવાનું કે, વર્ષ ૨૦૨૨-૨૩ સુધી સંબંધિત વિભાગો દ્વારા નાણા વિભાગ/બજેટ પ્રભાગને પગારભથ્થા, પેન્શન, ગ્રેજ્યુઇટી, રજાનું રોકડમાં રૂપાંતર વગેરે જેવા સેવા વિષયક કોર્ટ કેસો માટે પણ કેસ ટુ કેસ ગ્રાંટ ફાળવવા દરખાસ્ત કરવામાં આવતી હતી. જેમાં વિલંબને નિવારવા તથા કાયદાકીય પ્રશ્નો ઉભા ન થાય તે હેતુથી આ પ્રકારના કેસો માટેની જોગવાઇ પૈકી પ્રમાણસર ગ્રાંટ પણ આ સાથે ફાળવવામાં આવેલ છે. જે સંબંધિત વિભાગે નાણા વિભાગ/સેવા પ્રભાગ તથા ખર્ચ પ્રભાગની મંજૂરીને આધિન તેમની પાસે ઉપલબ્ધ ગ્રાંટમાંથી ફાળવવા અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.</u>

૧૪. નાણા વિભાગના તા. ૧૬/૦૭/૨૦૧૪ ના પત્ર ક્રમાંક : અપબ/ ૧૦૨૦૧૪/ ઓએનએચ/ ૮૮૮/ ક, અન્વયે સર્વે વહીવટી વિભાગો તેમજ નિયંત્રણ અધિકારીઓને જણાવવામાં આવેલ છે કે રાજ્યની સરકારી કચેરીઓમાં નિયમિત મહેકમને બદલે અન્ય સ્ત્રોતથી કામગીરી કરાવવા અંગેનો ખર્ચ, નવા હેતુ સદર " 3001-Out sourcing (Man Power) " હેઠળ ઉધારવાનો રહેશે. આ બાબતનો ચુસ્તપણે અમલ કરવા સર્વે વહીવટી વિભાગો તેમજ નિયંત્રણ અધિકારીઓને જણાવવામાં આવે છે.

૧૫. વિભાગ-૧ નવી બાબતો, વિભાગ-૨ ચાલુ બાબતો અને પ્રથમ વખત (CFT) આવતી નવી બાબતોનો અંદાજપત્રમાં સમાવેશ કરાવતાં અગાઉ ખર્ચ પ્રભાગનો પરામર્શ કરવામાં આવેલ ન હોય તેવી બાબતો માટે ગ્રાન્ટ છુટી કરતા અગાઉ ખર્ચ પ્રભાગનો પરામર્શ કરવાનો રહેશે તેમજ ખર્ચ પ્રભાગની વહિવટી મંજૂરી મળ્યેથી, મંજૂરી મુજબ જ વિભાગે તેમજ નિયંત્રણ અધિકારીઓએ તેમને ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૬. <u>આ સાથે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાં શિક્ષણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ તેમજ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ જેવા વિભાગો કે જેમાં શિક્ષકો તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓના અધિકારી/કર્મચારીઓના પગાર ભથ્થાની રકમનો સમાવેશ થાય છે તેવી ગ્રાંટ જ ઉક્ત વિભાગો દ્વારા ડી.ડી.ઓ. ના પી.એલ.એ.માં જમા કરાવી શકાશે. આ સિવાય અન્ય કોઇ ગ્રાન્ટ નાણા વિભાગની મંજુરી સિવાય પી.એલ.એ.માં જમા કરાવી શકાશે નહી.</u>

૧૭. સર્વે વહીવટી વિભાગો અને નિયંત્રણ અધિકારીઓએ ગ્રાન્ટ છુટી કરતાં હુકમોમાં સંબંધિત પેટા સદરના હિસાબી સદરના પેટા સદર સુધીના ૧૧ ડીજીટ કોડ યોગ્ય રીતે દર્શાવાય તેની કાળજી રાખવાની રહેશે. જેથી, એ.જી. કચેરી, રાજકોટ તેમજ અમદાવાદ ખાતે હિસાબી મેળવણામાં સરળતા રહેશે. તેમજ, તે મુજબ સંબંધિત પગાર અને હિસાબી અધિકારી/ તિજોરી અધિકારી/ પેટા તિજોરી અધિકારીઓની કચેરીઓમાં ઉપાડ અને વહેચણી અધિકારીઓ દ્વારા રજુ કરવામાં આવતા બીલોમાં પણ હિસાબી સદરના કોડ અચૂકપણે દર્શાવાય તે અંગે યોગ્ય કાળજી રાખવાની રહેશે.

૧૮. જે વિભાગો અને નિયંત્રણ અધિકારીઓને વર્ષ ૨૦૨૫-૨૬ ના વર્ષમાં આકસ્મિક નિધીમાંથી એડવાન્સ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તે વિભાગોએ આવી રકમ સરભર થઇ શકે તે માટે નાણા વિભાગ દ્વારા સબંધિત સદરે પરત ભરપાઇ **(Recoupment)** અંગેના હુકમો ઇસ્યુ કરવામાં આવેલ છે. તેને ધ્યાને લઇને એ.જી. કચેરીમાં તબદીલીની નોંધ લેવામાં આવેલ છે તેની ખાત્રી સબંધિત વિભાગના નિયંત્રણ/ઉપાડ અને વહેંચણી અધિકારીએ કરી લેવાની રહેશે.

૧૯.
ઉપરોકત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારી/ ખાતાના વડાઓ/ કચેરીના વડાઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રશાંત ખખ્ખર
(ઉપ સચિવ)
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી (બજેટ), સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત / નાયબ સચિવશ્રી, (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ./રોકડ/કો-સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ.), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગોનું પંચ, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર
- નાયબ કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેની કચેરી, ગાંધીનગર

*Signature Not Verified*

*Signed by:Prashant H. Khakhkhar*
*Under Secretary*
*Date:2026.06.22*
*17:52:11 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*